# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

નામ રણનું ભલે નદી રાખો
નહિ છીપાવે તરસ, લખી રાખો.

જાતને આયનો બનાવીને
જાતની સામે બે ઘડી રાખો.

આંસુઓ શાયરીને આપી દો,
આંખમાં ફક્ત શાયરી રાખો.

એની મરજી એ આવે ના આવે
આપણે બોર તો વીણી રાખો.

કોટક ધાર્મિક 'ગોપાલ'

## પાથેય

- રમેશ ઠક્કર

# શબરીની સજાવટ...

ભ્રમમાં જીવવાની મજા હોય છે. આપણી માન્યતાઓ જડબે સલાક હોય છે.એક વખત માણસ જે ધારણા કરી લે છે એ પછી એનો સમગ્ર વ્યવહાર એના ઉપર આધારિત હોય છે.એમાં કોઈ સુધારો કે ફેરફાર ક્વચિત જ થતા હોય છે.મનોમન જીવતો માણસ દુનિયાની બદલાતી તસવીર કે વાસ્તવિકતાને કઈ રીતે મૂલવી શકે ? આપણે જેને નદી માનીને જીવતા રહીએ છીએ એ ઘણીવાર રણ હોય છે ! છતાં આપણે એને નદીનું નામ આપી કૃત્રિમ સુખની ક્ષણો અનુભવતા રહીએ છીએ.જ્યારે ખરેખર તરસ લાગે છે ત્યારે એ કહેવાતી નદીનું જળ આપણી પ્યાસ બુઝાવી શકતું નથી. અને એ વખતે જે ભ્રમનિરસન થાય છે એ સહન કરવું આસાન હોતું નથી.

માણસ બીજાના દોષો જોતો રહે છે.ક્યારેય એ પોતાની જાતનું મૂલ્યાંકન કરતો નથી.આ એક વાસ્તવિકતા છે.એમા એનું એકાંગીપણું પ્રગટ થતું રહે છે.કવિ દલપતરામ કહે છે એમ અન્યનું તો એક વાંકુ આપનાં અઢાર છે એવું કહેવાનું મન થાય.પોતાની જાતને અરીસા સામે મૂકી માણસ ખુદનું પ્રતિબિંબ જોતો રહે તો એને ચોક્કસ અનુભૂતિ થાય છે કે "મો સમ કૌન કૂટીલ ખલ અજ્ઞાની ! જાતને બેઘડી આયના સમક્ષ રાખવી એટલે કે આત્મનિરીક્ષણ કરવું.આ બધા લોકો કરી શકતા નથી.જે અંદરથી જાગૃત થઈ ગયો છે એવો માણસ જ આ કરી શકે.માણસ જ્યારે પોતાની જાતને પોતાની જ સમક્ષ મૂકતો રહે છે ત્યારે એને સત્યના દર્શન અચૂક થાય છે.

કવિતા કે ગઝલ લખવી એ ફેશન નથી પરંતુ એક પેશન હોય છે ! દિલમાં સંવેદના હોય,શબ્દો પૂરતા હોય, અને પોતાની પાસે એક વ્યાપક દ્રષ્ટિ હોય તો ગઝલ આપોઆપ પ્રગટતી રહે છે.કવિ કહે છે એમ આપણાં આંસુ શાયરીને આપી દેવાનાં.આંખોમાં ફક્ત શાયરી રાખવાની. એટલે કે આપણે ફક્ત એના શાસ્ત્રીય જ્ઞાનને વફાદાર રહીએ,સંવેદના ખુદ બ ખુદ પોતાનો શબ્દ શોધી લેતી હોય છે. એવી ગઝલ હંમેશા યાદગાર બની જતી હોય છે.

માણસના ઇન્તજારની વાત અનોખી છે.કોઈકની રાહ જોવામાં જ્યારે આનંદ અનુભવાય ત્યારે એ સંબંધ સાચો.એ ના હૈયે તો આખો ઉપક્રમ કાચો ! પ્રતીક્ષા એવી તીવ્ર હોવી જોઈએ કે આવનાર વ્યક્તિને ટેલીપથીથી ખબર પડે કે ક્યાંક મારી રાહ જોવાય છે!ઇંતેજારમાં શ્રદ્ધા હોવી જોઈએ.એના માટે શબરી જેવી ધીરજ જોઈએ.આપણે જેને આરાધ્ય માનતા હોઈએ એ આવે કે ના આવે એવી કોઈ પૂર્વશરત એમાં ચાલતી નથી.આપણે ફક્ત આવનારની સ્વાગત માટે તત્પર રહેવાનું છે.આજુબાજુ જે ઉપલબ્ધ હોય એવી ઉત્તમ વસ્તુઓની સજાવટ કરી રાખવાની છે.શબરીની ભાષામાં કહીએ તો ખાટાં મીઠાં બોર વીણીને પોતાની છાબડીમાં સજાવી રાખવાનાં હોય છે. આવવું કે ના આવવું એ એની મરજી છે. પરંતુ આવનાર મનગમતી વ્યક્તિના આગમનની તૈયારી કરવી એ મહત્વનું છે. એમાં પ્રતીક્ષાનો કેટલો ઉત્કટ ભાવ જગાવવો એ સ્વાગત કરનારની શ્રદ્ધા ઉપર આધાર રાખે છે...!

# કોઈપણ પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિની અપેક્ષા વગર એણે કરેલા એ કામને શું કહેવાય?



હમણાં એક જગાએ સરસ મજાનું એક ક્વોટ વાંચવા મળ્યું. 'માણસની માણસાઈ ત્યારે જ પૂરી થઈ જાય છે જ્યારે એને બીજાના દુઃખમાં એને હસવું આવે છે.' આ એક્સેલન્ટ વાત જેને સમજાઈ જાય એનું જીવન એક્સલેન્સ બની જાય. વ્યક્તિના સમગ્ર જીવનમાં એણે કરેલી તમામ ભૂલો માત્રને માત્ર એક જ કારણથી જ થતી હોય છે. અને એ કારણ છે લાગણી. બધાને ખબર હોય છે કે, જો કોઈ સૌથી અઘરું કાર્ય હોય તો એ દરેકને ખુશ રાખવાનું કામ છે. પરંતુ દરેક જણ સાથે ખુશ રહેવાનું કામ સૌથી સાદુ અને સીધું કામ છે. આ સનાતન સત્ય જેટલું વહેલું સમજાય એટલું જીવન વહેલું મસ્તીભર્યુ લાગે. મોડું સમજાયેલું સત્ય તાળુ અને દરવાજા તોડ્યા પછી મળી આવતી ખોવાયેલી ચાવી જેવું હોય છે.

ઓલમાઈટીએ પૃથ્વી ઉપર અવતરેલા દરેક આત્માને કંઈક ડિફરંટ એબિલિટી આપી જ છે. માનવીમાં માનવતાનાં સદગુણના પટારા સાથે મનુષ્યને ઈશ્વરે પૃથ્વી ઉપર મોકલ્યો છે. જો કે મનુષ્ય પૃથ્વી ઉપર આવીને એના કર્મ દ્વારા એની આઈડેન્ટીટી નક્કી કરી આપે છે કે, એ માનવ છે કે દાનવ...! ટેરેરિઝમ, લૂટીંગ, વોર વગેરે જોતા મનમાં સહેજે એમ થાય કે વ્હેર ઈઝ હ્યુમેનિટી ઈન ટુડેઝ વર્લ્ડ ? ક્યાં ગઈ કરુણા, દયા, પ્રેમ, પ્રમાણિકતા અને ઉદારતાની એ ઈશ્વરદત્ત માનવતાની ભાવના ? માનવતા વગરનું ભણતર કે પ્રતિષ્ઠા એકડા વગરના હજારો મીંડા જેવી છે.




માર્ટિન લ્યુથર કિંગ જુનિયર એક સ્ટેટ્સમેન કરતા વિચારક અને ચિંતક વધુ હતા. એમના મતે વ્યક્તિએ ત્યાં સુધી સાચું જીવવાનું શરૂ જ નથી કર્યુ જ્યાં સુધી તે તેની વ્યક્તિવાદી ચિંતાઓની સાંકડી મર્યાદાઓથી ઉપર ઊઠીને એ સમગ્ર માનવતાનો વ્યાપક દ્રષ્ટિએ વિચાર ન કરે. બીજાની તકલીફો કે દુઃખ દેખાય ત્યારે આપણી આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગે તો એ દેવાધી દેવ મહાદેવને અપાતા જલાભિષેકથી વિશેષ પવિત્ર બાબત છે. કોઈ કંઈક તકલીફમાં હોય અને આપણું હૃદય હચમચી જાય અને એની મદદ કરવા દોડી જવાય તો એ મહાદેવની રૂદ્રીથી વધુ પુણ્ય આપે છે.

ગાંધી બાપૂએ ન માત્ર માણસાઈના પદાર્થપાઠ કહ્યાં બલ્કે એમણે માનવતાના મૂલ્યોને એમના જીવનમાં ચરિતાર્થ પણ કર્યા છે. એ માનતા હતા કે, માનવતામાંથી વિશ્વાસ ક્યારેય ન ગુમાવવો જોઈએ. માનવતા તો મહાસાગર છે. સાગરમાં થોડા ટીપા ગંદા પડે તો સાગર ગંદો નથી થઈ જતો. બાપૂનો એક બહુ જાણીતો પ્રસંગ છે. એક વાર ગાંધીજી અને એમના અંગત સચિવ મહાદેવભાઈ સાથે રેલવેમાં સફર કરતા હતા. બાપૂની આંખ લાગી ગઈ, મહાદેવભાઈ એમને હાથ પંખાથી હવા નાખતા હતા. એ જમાનામાં રેલવેના ડબ્બામાં પંખા કે એરકંડિશન ન હતા.

થોડા સમય પછી મહાદેવભાઈને પણ ઝોકું આવી ગયું. બાપૂને પંખો ઝાળતા ઝાળતા એ ઉંઘી ગયા. થોડીવાર પછી મહાદેવભાઈની આંખ ખુલી તયારે એમણે જોયું કે, બાપુ એમને હાથ પંખાથી હવા નાખતા હેઠા હતા. એમણે આ દ્રશ્ય જોતાં ભારે ક્ષોભની લાગણી થઈ આવી. મહાદેવભાઈ સફાળા બેઠા થઈ ગયા અને બાપૂને કહ્યં, 'બાપૂ આ તમે શું કરો છો ? તમારાથી આમ મને પંખો ન નખાય.' ત્યારે ગાંધીજીએ સ્મિત સાથે બિલકુલ સહજતાથી જવાબ આપ્યો કે, 'મને અને તમને બંન્નેને આરામની સરખી જરૂર છે. ઊંઘ ઉપર આપણા બન્નેનો એટલો જ અધિકાર છે. એમાં કોઈ ભેદભાવ ન ચાલે.' આ માનવતાનું ઉત્તમ ઉદાહરણ એટલા માટે કહેવાય કે, આમાં પદ કે પ્રતિષ્ઠાના કોઈપણ ભેદભાવ વગર પોતાની સાથેના વ્યક્તિને સમાન ગણી સન્માન સાથે માન આપવામાં આવ્યું છે. માનવતાના મૂળમાં આ ભાવનાનું તત્વ છે.

ઘણીવાર લોકોને કહેતા સાંભળીએ છીએ કે, હું ફલાણા સાથે કોઈ સંબંધ હવે ક્યારેય નહીં રાખું. એનામાં માણસાઈનો છાંટો નથી. આ 'માણસાઈ' છે શું ? એના માટે જગતભરના પ્રબુધ્ધો ભારે મથામણ કરી રહ્યાં છે. આમ પણ મનુષ્ય પાસેથી માણસાઈની અપેક્ષા ન રખાય તો કોની પાસે રાખી શકાય ? માનવતા, માણસાઈ અને મનુષ્યતા શું છે એ પ્રશ્ન સતત મનમાં ઘુમરાતો હોય છે. માણસાઈ માટેની કોઈ સેટ ફોર્મ્યુલા છે ખરી ? ફોર્મ્યુલા છે પણ ખરી અને આમ જોવા જાવ તો કોઈ ફોર્મ્યુલા નથી.

હમણાં એકાદ મહિના પહેલાની એક ઘટના છે. હર્ષિલ નામનો એક મિત્ર. એના દાદીમાનું પંદર વીસ દિવસ પહલાઅં દુઃખદ નિધન થયું એ દિવસની વાત છે. દાદીની અગ્નિસંસ્કારની વીધિ પૂરી કરી બીજા દિવસે એ ડ્રોઈંગરૂમમાં સગાવહાલા સાથે બેઠો હતો ત્યારે વોટ્સએપ ઉપર એક તકલિફમાં હતા એવા પિતાનો મેસેજ આવ્યો કે, લ્યુકેમિયાથી પીડાતા એના દીકરાને રેર ગ્રુપના લોહીની આવશ્યકતા છે. હર્ષિલનું પણ એ જ બ્લડ ગ્રુપનું હતું જેની પેલા ભાઈને જરૂર હતી. ઘરમાં દાદીમાના બેસણાના સ્થળ અને સમય માટેની ચર્ચાઓ ચાલતી હતી. એ બધુ એક બાજુ મૂકીને હર્ષિલ ગાડીને સેલ મારીને પહોંચી ગયો સિવિલ હોસ્પિટલમાં. પેલા ભાઈને શોધીને એમના દીકરાને એણે બ્લડ આપ્યું.

પછી હર્ષિલે એ ભાઈને પૂછ્યું 'તમારા દીકરાને કેટલા દિવસ અહીં રાખશે ? ત્યારે એ ભાઈએ કહ્યું, 'કંઈ કહેવાય નહીં ભાઈ, કેટલા દિવસ થશે.' હર્ષિલે બીજો પ્રશ્ન કર્યો, 'આમ તો પૂછાય નહીં પણ તમારી અને દીકરાની જમવાની અને રહેવાની શું સગવડ છે.' ત્યારે પેલા ભાઈની આંખોમાંથી આંસુ સરી પડ્યા. એમણે કહ્યું, 'ભાઈ, સગા અને મિત્રો પીઠ બતાવી ચાલ્યા ગયા છે. કોઈ વ્યવસ્થા નથી. મારો દીકરો અંદર દવાખાનાના ખાટલામાં અને હું બહાર અહીં આ બાંકડે બેસી રહું છું. તમે મને ઓળખતા નથી છતાં પણ કેટલો મૈત્રીપૂર્ણ વ્યવહાર છે તમારો. કેટલી આત્મિયતાથી તમે મને પુછી રહ્યા છો. તમારો ખુબ આભાર.'

હર્ષિલે એના એક મિત્રને ફોન કરીને એની સંસ્થામાંથી આ ભાઈને સવાર-સાંજ જમવાની અને રહેવા માટે વ્યવસ્થા કરી આપી. અને ત્યાંથી દાદીના બેસણા માટેની તૈયારી માટે નીકળતા પહેલા થોડા પૈસા પેલા ભાઈને આપ્યા ત્યારે એ ભાઈએ બે હાથ જોડીને કહ્યું, 'મારે પૈસા નથી જોઈતા. હું તમને મિત્ર કહું ? ' હર્ષિલે કહ્યું, ' ભાઈ મને મિત્ર કહો કે તમારો નાનો ભાઈ કહો જે કહેવુ હોય તે કહો પણ આ પૈસા લઈ લો અહીં અજાણ્યા વિસ્તારમાં રાત વરત ગમે ત્યારે જરૂર પડશે ત્યારે ક્યાં જશો ? ભગવાન તમારા દીકરાને જલ્દી સાજો નરવો કરી દે એવી પ્રાર્થના.' કોઈપણ ઓળખાણ વગર, કોઈપણ પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિની અપેક્ષા વગર હર્ષિલે કરેલા આ કામને શું કહેવાય ?

એવું નથી લાગતું કે, વિશ્વના ૧૯૫ દેશોમાં આઠ બિલિયન માણસોની ભીડમાં માણસાઈ શોધવી પડે એવી સ્થિતિ છે. વર્ષો પહેલા એક દાદુ અંગ્રેજી ફિલ્મ 'ટેન કમાન્ડમેન્ટસ' આવેલી. બાઈબલમાં જણાવાયેલા દસ મુખ્ય પ્રિન્સિપલ્સની આસપાસ વણાયેલી આ ફિલ્મના કથાનકની જેમ માણસાઈના 'ફાઈવ કમાન્ડમેન્ટસ' છે. પ્રથમ કમાન્ડમેન્ટ છે બીજાના દુઃખથી દ્રવિત થઈ જવાય. બીજું અન્યને કોઈ કષ્ટ ન અપાય. ત્રીજું બીજાને જ્યારે કોઈ તકલીફ પડે કે મુશ્કેલી આવે તો તેની મદદ માટે આગળ આવવું. ચોથું પદ કે પ્રતિષ્ઠાનો ભાર રાખ્યા વગર સૌને સમાન ગણવામાં આવે અને પાંચમું દયાભાવ સાથે ઉદારતા હોય પરંતુ ઉદારતાનું અભિમાન ન હોય. આ પંચતત્વોને ભગવાન શ્રીકૃષ્ણએ પણ પ્રબોધ્યા છે. જ્યારે માણસની ભીડ કરતા માણસાઈનો મેળો જામશે ત્યારે જગત આખું વૃંદાવન જેવું લાગવા માંડશે. ધર્મ કોઈ પણ હોય એના મૂળમાં તો કર્મનો જ સિદ્ધાંત છે. અને કર્મનુ ઘટાદાર વૃક્ષ માનવતાના મૂળ ઉપર ઘટાદાર બનતુ હોય છે. માનવતા એ જ સનાતન ધર્મ છે. પૂજા અર્ચનાની રીત ભલે અલગ હોય પરંતુ માનવતાના ગુણ અને લક્ષણ એક છે. દ્વૈત અદ્વૈત ગમે તે કહો 'માનવતા' માત્ર એક છે.

**ધબકાર :**

**'જીવનનો અર્થ માનવતા છે.' - લીઓ ટોલ્સટોય.**

# અહમ ને એક વહમ પાલ રખા હૈ, કિ સારા કારવાં મૈંને હી સંભાલ રખા હૈ

યૂયં વયં વયં યૂયમિત્યાસીન્મતિરાવયો:
કિં જાતુમધુના મિત્ર યૂયં યૂયં વયં વયમ્ ॥
વૈરાગ્યશતક

હે મિત્ર પહેલા તું એટલે હું અને હું એટલે તું એમ એકબીજાના પર્યાય માનતા હતા, પણ હવે એવું શું થયું છે કે તું તું જ રહ્યો અને હું હું જ બની ગયો ?

ભર્તૃહરિકૃત વૈરાગ્યશતકમાં ઉપર મુજબનો એક સુંદર શ્લોક મળી આવે છે. 'હું' અને 'તું' બંને ભેગા મળીને 'આપણે' બની શકીએ, પણ 'હું' જ્યારે મોટો બની જાય ત્યારે બીજા બધાની બાદબાકી થઈ જતી હોય છે.

ઓશોના પ્રવચનની વાર્તા છે.

યુનાનમાં એક બહુ જ મોટો મૂર્તિકાર હતો.એ મૂર્તિકારની દેશ-દેશાવરમાં ખ્યાતિ હતી. લોકો કહેતા; "એણે જે વ્યક્તિની મૂર્તિ બનાવી હોય તે વ્યક્તિની પાસે સ્વયં એ વ્યક્તિ પોતે શ્વાસ બંધ કરીને ઊભી રહી જાય તો એ બતાવવું મુશ્કેલ થઈ જાય કે મૂર્તિ કોણ અને સાચી વ્યક્તિ કોણ? બંને એક જેવા જ લાગે !"

મૂર્તિકારનું મૃત્યુ નજીક આવ્યું. તેણે વિચાર્યું કે મૃત્યુને ધોખો કેવી રીતે દેવો. એણે પોતાના જેવી જ પોતાની અગિયાર મૂર્તિઓ તૈયાર કરી લીધી. જ્યારે મોત આવ્યું ત્યારે મૂર્તિઓની પાસે છુપાઈને ઊભો રહી ગયો.

મૃત્યુ આવ્યું જોયું તો એક જેવી બાર વ્યક્તિઓ હતી. ઘણી બધી મુશ્કેલી પછી પણ એ નક્કી ના કરી શક્યું કે આમાં સાચી વ્યક્તિ કોણ છે. કોને લઈ જવી. છેવટે પાછા ફરી પરમાત્માને કહ્યું ,"પ્રભુ, મુશ્કેલી પડી ગઈ છે. બાર એક જેવા લોકો છે આમાંથી અસલી ને કેવી રીતે શોધવો?"

પરમાત્માએ કાનમાં એક સૂત્ર કહ્યું અને કહ્યું ;"હંમેશા યાદ રાખજે.જ્યારે પણ અસલીને શોધવા હોય ત્યારે આ પ્રમાણે કરજે."

મોત પાછું ઓરડામાં ગયું. મૂર્તિઓને જોઈને બોલ્યું "આહાહા ! ખૂબસૂરત સુંદર મૂર્તિઓ બની છે પણ એક ભૂલ થઈ ગઈ છે. ચિત્રકારનો અહં જાગ્યો. તરત એણે પૂછ્યું; "કઈ ભૂલ ભૂલ થઈ ગઈ છે? અને મૃત્યુ એ કહ્યું,"બસ આ જ... તું અપને આપકો નહી ભૂલ સકતા !! તું પોતાને નથી ભૂલી શકતો. બહાર આવી જા. પરમાત્માએ મને કહ્યું હતું કે જે પોતાને નથી ભૂલી શકતો તેને તો મરવું જ પડે !!!

વાસ્તવમાં જોવા જઈએ તો આપણને ધ્યાનમાં આવશે કે, દુનિયાની બધી જ સમસ્યાઓ હુંપણાથી જ ઉત્પન્ન થઈ છે. મારું..મારું.. હું જ અવ્વલ.. આ પ્રકારની માનસિકતાના કારણે જ દરેક મુશ્કેલીઓનો ઉદ્ભવ થયો છે. આપણામાંનો 'હું' ક્યારેય નાનો થતો જ નથી. હા, માન્યું કે અમુક પ્રકારનું સ્વાભિમાન આપણને નવા આવિષ્કાર અને નવા વિકાસના કાર્યો તરફ દોરી જાય છે. પરંતુ જો આ સ્વાભિમાન અભિમાનમાં ફેરવાઈ જાય તો વિનાશ નિશ્ચિત છે. "હું આ કરી શકીશ" ઉત્તમ વાત છે. તેનાથી આપણો અને સમાજનો લાભ જ થાય છે. પરંતુ "હું જ આ કરી શકીશ." સમજવા માંડીએ ત્યાંથી જ ગડબડ શરૂ થાય છે.

તેનાથી સમાજને તો કોઈ લેવાદેવા નથી પરંતુ પોતાનું તો ધનોતપનોત નીકળી જ જાય છે.

'હુંપણું' ક્યારેય આપણને સંતોષની લાગણી થવા દેતો નથી. હું જાણું છું. મને બધી જ ખબર પડે. મને બધું આવડે. આવો અહમ્ આપણને નીચા પાડી દેતો હોય છે.

એક વખત આવો અહંભાવ જાગી જાય પછી વયંભાવ પાછો આવવો મુશ્કેલ છે. ખરું કહેવાય નહીં ! આપણે નાના હતા ત્યારથી આપણને આ બધી વાર્તાઓ દ્વારા, ઉદાહરણો દ્વારા અહમ્ ત્યાગવાની વાત શીખવવામાં આવતી હતી; વળી આજે પણ આપણે આપણા બાળકોને એ જ વાર્તાઓ સંભળાવીએ છીએ ખરા, પરંતુ તેને હજી સુધી આપણે જીવનમાં ઉતારી નથી. અને જ્યારે જ્યારે આચરણ વગરની નૈતિક વાતો બાળકોને જણાવવામાં આવે ત્યારે તે માત્ર વાર્તાઓ બની રહે છે. સંદેશ બનીને તેમના જીવનમાં ઊતરી શકતી નથી.




કોઈપણ કાર્ય જ્યારે તેના પગરણ માંડતું હોય ત્યારે આપણને ઘણા બધા લોકો તરફથી સહાય મળે છે. ઘણા બધા તરફથી ઉપાલંભ પણ મળે છે. આ બધું જ સ્વીકારીને, આ બધું જ મેળવીને આપણે સફળતા પ્રાપ્ત કરીએ છીએ.

ખૂબ અઘરું છે... આપણે નિષ્ફળતા તો સૌની સાથે વહેંચવા માંગીએ છીએ પરંતુ સફળતાને કોઈની સાથે વહેંચવી ગમતી નથી. સફળતા અને નિષ્ફળતા, હાર અને જીત, સુખ અને દુઃખ આ દરેક દ્વંદ્વ એ એક સિક્કાની બીજી બાજુ છે.

આજકલ લોગોં કી સોચ સે બડા ઉનકા અહમ હોતા હૈ ।

તુઝસે જયાદા મૈં સહી હૂં ઈસ બાત કા વહમ હોતા હૈ ॥

- અનુરાધા તિવારી

રડવા માટે કોઈનો ખભો જોઈતો હોય તો સુખના ભાગીદાર પણ બનાવવા જ પડે. નિષ્ફળતા વખતે કોઈનું ઓઠું જોઈતું હોય તો સફળતાને પણ બીજા સાથે વહેંચવી જ રહી. હુંપણાની યાત્રા ક્યારેય લક્ષ્ય સુધી પહોંચી શકતી નથી. તેમાં તો આપણા અસ્તિત્વને બીજાના અસ્તિત્વમાં ઓગાળી નાખવું એ જ અંતિમ લક્ષ્ય હોવું જોઈએ.

જીવનમાં પણ કંઈક એવું જ છે. વ્યક્તિ પોતાના અહંકારને આગળ કરી હુંપદ દાખવે છે. એ જ જીવનની મોટી ભૂલ છે. સત્કર્મ કરીને ભૂલી જવામાં જ અમરત્વ છે.

કર્યા વગર કઈ મળતું નથી.
કરેલું ફોગટ જતું નથી.
કામ કરતો જા,
હાંક મારતો જા,
મદદ તૈયાર છે....
આ જ ગીતાનું અમૃત વચન છે.

શીર્ષક પંક્તિ whatsapp માંથી સાભાર

- jayuoza@gmail.com,
Mo.9898046488

# પ્રવાસન પ્રેમ આપણને જીવાડે કે શોખના ભાગરુપે દેશવિદેશમાં ફરવાનું થાય

'અમે અહીં આવ્યા છીએ, પરત જઈશું તો પરિવાર માટે ગીફ્ટમાં શું લઈ જઈએ ? સહજભાવે વાતચીતમાં એક મહિલાને પૂછ્યું અને જવાબ મળ્યો કે, 'યહાં કા કોસા સિલ્ક બહોત ફેરવીટ હૈ, વહી લે જાઈએ ...'

છત્તીસગઢ રાજયના રાયપુરમાં છું દસ દિવસ માટે શ્રી ઋષભદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત અંજન શલાકા મહોત્સવમાં ગાયક - સ્વરકાર અને પારિવારિક સ્વજન આશિષ મહેતા સાથે કલાકાર તરીકેની પ્રસ્તુતિનો આનંદ લઈ રહ્યો છું. સવાર-સાંજ કંઈ ને કંઈ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન છે, આશીષ મહેતા ઉપરાંત અભિજિત ઘોષાલ, સાધો બેન્ડ, કબીર કેફે, સીમ્ફની જેવા કલાકારો સાથે સ્ટેજ શેર કરવાોન અને એ



નિમિત્તે તૈયારી કરવાનો - લેસન કરવાનો આનંદ લઈ રહ્યો છું.

મધ્યપ્રદેશમાંથી જુદું પડીને અલગ રાજ્ય તરીકે ૧ નવેમ્બર, ૨૦૦૦ના વર્ષમાં છત્તીસગઢ નવું રાજ્ય બન્યું. એમ કહેવાય છે કે અહીં એક સમયે છત્રીસ ગઢ હતા એટલે આ પ્રદેશ છત્તીસગઢ નામે ઓળખાયો. વૈદિક અને પૌરાણિક કાળથી વિભિન્ન સંસ્કૃતિઓનું કેન્દ્ર રહ્યું છે છત્તીસગઢ ક્ષેત્ર. અહીં વૈષ્ણવ-શાક્ત-શૈવ-બૌદ્ધ સંસ્કૃતિઓનો પ્રભાવ રહ્યો છે. પ્રાચીન કાળમાં આ વિસ્તાર દક્ષિણ કૌશલ નામે પણ ઓળખાતો હતો.

છત્તીસગઢ પર્વતો અને જંગલોનો બનેલો પ્રદેશ છે, અને અહીંની આદિવાસી કલા પ્રાચીન છે જયાં જયાં જાઉં ત્યાં ત્યાં જઈને ત્યાંની હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ તથા કાપડ ખરીદવાનો કાયમી શોખ એટલે લેખના આરંભે લખેલો પ્રશ્ન પૂછ્યો અને પછી અહીંની સાડી - ડ્રેસ મટીરીયલ ઉપરાંત લાકડાના - કાગળના - મેટલના - માટીના - બાંબુના અનેક ઉત્પાદનો જોયા. જયુટ અને ગ્લાસ ક્રાફ્ટના પણ સુંદર નમૂના આકર્ષિત કરે. ભારતની આદિવાસી કલાઓમાંની એક બસ્તરની પરંપરાગત કલાકૃતિઓ સાચ્ચે જ દર્શકોના મન મોહી લે છે.

પ્રવાસન સ્થળોમાં અનેક પ્રવાસન સ્થળો છે. જેમાં મહાનદીના તટ પર પ્રસિદ્ધ તીર્થક્ષેત્ર રાજીમ અને ત્યાંનું રાજીવ લોચન મંદિર અને શ્રી મહાપ્રભુજી પ્રાગટ્ય બેઠકજી મંદિર ચંપારણ્ય જવાનું થયું. આ સિવાય અન્ય અનેક સુંદર અને મહોહારી પ્રવાસન ધાર્મિક સ્થળો અહીં છે. પરંતુ પુરો દિવસ કાર્યક્રમોની વ્યસ્તતામાં જાય એટલે જઈ ના શકાયું, ફરી કયારેક એ સ્થળોનો આનંદ લઈશું, એમ મન મનાવ્યું.

આપણા બધા પૈકી જે પણ પ્રવાસ અને પ્રવાસન પ્રેમી હોય તેઓ મોટાભાગે ત્યાંની ટ્રેડિશનલ આર્ટની




વસ્તુઓ ખરીદવાની તક કયારેય છોડે જ નહિ. કચ્છમાં નિયમિત જવાનું થાય અને જેટલીવાર જઈએ એટલીવાર કાંઈ ને કાંઈ લઈને જ આવવાનો આનંદ હોય. ગુજરાતનું ગૌરવ અને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત લોકકલાવિદ જોરાવરસિંહ જાદવ સાથે વાત કરતા હોઈએ ત્યારે વાતનો એક પ્રધાન સ્વર એ હોય કે આખરે માનવ જીવનના કેન્દ્રમાં લોક છે અને એટલે જ મહાનગરના માણસને પણ લોકજીવન - લોકકલા કે લોક સંસ્કૃતિ અને લોક સંગીતનું આકર્ષણ રહે છે.

હોટેલમાંથી બહાર નીકળ્યા અને સારંગી કે રાવણહથ્થા જેવું એક વાજીંત્ર લઈને એક ભાઈ પસાર થયા..... શેરીઓમાં વગાડતા રહે ને વાજીંત્ર વેચતા રહે.... એમની સાથે થોડો સુરીલો સત્સંગ કર્યો..... 'હમારા ગુજરાન ઈસીસે ચલજાતા હૈ...' એવું એણે ગૌરવ સાથે કહ્યું એ જોઈને આનંદ થયો.

થોડા વર્ષો પહેલા એક કાર્યક્રમ માટે ત્રણ દિવસ આવવાનું નિમંત્રણ હતું, જે શક્ય ના બન્યું, પરંતુ આ વખતે પૂરા દસ દિવસ રાયપુર રહીને છત્તીસગઢની સંસ્કૃતિને થોડી ઘણી જાણી.... પ્રવાસન પ્રેમ આપણને જીવાડે કે શોખના ભાગરુપે દેશવિદેશમાં ફરવાનું થાય. અને જે તે પ્રદેશની સંસ્કૃતિ - સભ્યતા - ઈતિહાસ જેવી અનેક વિશેષતાઓથી સભર થઈને ત્યારે પરમાત્માની અસીમ કૃપાના અજવાળા ઝીલી રહ્યાની અનુભૂતિ થાય.